# માલપુર રોડ પર દબાણો હટાવતા પતંગના સ્ટોલ ધારકોમાં કચવાટ

## ઉત્તરાયણ પર્વના એક દિવસ અગાઉ નગરપાલિકાની દબાણ હટાવો ઝુંબેશથી લોકોમાં અનેક તર્કવિતર્ક : સ્ટોલ ધારકોને નોટબંધી, દબાણ હટાવો ઝુંબેશથી ભારે નુકશાન : ચા-નાસ્તાના લારી-ગલ્લા હટાવાયા

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના મુખ્ય માર્ગો પર અસંખ્ય કાચા-પાકા દબાણો કરી દબાણકારો ગેરકાયદેસર રીતે લારી-ગલ્લા અને તંબુ બાંધીને ટ્રાફિક સમસ્યા ઉભી કરતા મોડાસા



નગરપાલિકા તંત્રએ ઉત્તરાયણ પર્વના એક દિવસ અગાઉ દબાણો હટાવવાની ઝુંબેશ હાથ ધરી પ્રથમ દિવસે માલપુર રોડ પર કરવામાં આવેલા દબાણો હટાવવા ઝુંબેશ હાથ ધરતા માલપુર રોડ પર હંગામી સ્ટોલ ધારકોએ મંડપ બાંધી પતંગ-દોરીનો ધંધો કરતા સ્ટોલ ધારકોમાં નગરપાલિકાની કામગીરી સામે રોષ ભભુકી ઉઠ્યો હતો. નોટબંધીના પગલે દોરી-પતંગમાં ઘરાકી ઓછી હતી અને નગરપાલિકા તંત્રએ સ્ટોલ ધારકોને હટાવવાનો નિર્ણય કરતા પડતા પર પાટુ મારવા જેવી સ્થિતિ પેદા થઈ હતી. સ્ટોલ ધારકોએ નગરપાલિકાની કાચા-પાકા દબાણો દૂર કરવાની ઝુંબેશ સામે અનેક



પ્રશ્નાર્થ કરી નગરપાલિકાની અચાનક કરાયેલી કામગીરી સામે લાચારી વ્યક્ત કરી હતી. નગરપાલિકાતંત્ર દ્વારા દબાણો હટાવતા શહેરીજનો અને રાહદારીઓમાં આનંદ છવાયો હતો.

મોડાસા નગરપાલિકા તંત્રે શુક્રવારે બપોરે માલપુર રોડ પર કાચા-પાકા દબાણો કરી તેમજ લારી-ગલ્લા અને તંબુ તાણી ગેરકાયદેસર રીતે ધંધા કરતા લોકો દ્વારા ટ્રાફિક સમસ્યા ઉભી થતા નગરપાલિકાતંત્ર અને ચીફ ઓફિસરે તેમની ટીમ સાથે પોલીસ બંદોબસ્ત સાથે રાખીને જાહેર માર્ગો પરથી દબાણો દૂર કરતા કડકાઈપૂર્વક કામગીરી હાથ ધરી ટોઈંગવાનમાં લારીઓ અને અન્ય માલ-સામાન નાખી દબાણો દૂર કરાયા હતા. ત્યારે માલપુર રોડ પર ઠેર ઠેર ઉત્તરાયણ પર્વે પર દોરી



પતંગના વેચાણ અર્થે સ્ટોલ ધારકોએ પણ દબાણ હટાવ ઝુંબેશ કામગીરીનો ભોગ બનવુ પડતા ઉગ્ર રોષ સ્ટોલ ધારકોમાં ફેલાયો હતો. ઉત્તરાયણ પર્વે દોરી-પતંગનું વેચાણ કરી રોજી રોટી મેળવતા સ્ટોલ ધારકોની હાલત નોટબંધીના પગલે મંદીમાં સપડાયા હતા અને ઉત્તરાયણ પર્વના આગલા દિવસે ઘરાકીમાં ભારે ઘસારો જોવા મળ્યો હતો. તે જ સમયે નગરપાલિકાતંત્ર દ્વારા દબાણ હટાવો ઝુંબેશ અંતર્ગત સ્ટોલ હટાવી લેવડાવતા સ્ટોલ ધારકોની હાલત કફોડી બની હતી.

મોડાસા નગરપાલિકાતંત્ર અને પોલીસ ટીમ સાથે ચીફ ઓફિસરે દબાણ હટાવો ઝુંબેશની કામગીરી હાથ ધરતા ઉત્તરાયણ પર્વે ખરીદી કરવા આવેલા આજુબાજુના ગામલોકો અને વાહનચાલકોમાં અફડાતફડી મચી ગઈ હતી. ટ્રાફિક ઝુંબેશ હટાવો કામગીરીથી ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા અને વાહનચાલકો અટવાઈ ગયા હતા. અચાનક ટ્રાફિક સમસ્યા દૂર કરવા



નગરપાલિકા તંત્ર દ્વારા કરવામાં આવેલી દબાણ હટાવ ઝુંબેશથી સ્ટોલ ધારકો અને શહેરીજનોએ નગરપાલિકા તંત્રની બેવડી નીતિ અને હિન્દુ ત્યૌહારોમાં કમાઈને રોજી રોટી મેળવતા લોકોની હાલત કફોડી બનતા નગરપાલિકાતંત્રને એકાએક સૂરતાન ચડ્યુ હોવાનુ જણાવી નગરપાલિકા તંત્રની કામગીરી સામે સવાલો ઉભા કરી ઉત્તરાયણ ત્યોહાર પછી દબાણ હટાવો ઝુંબેશ હાથ ધરી હોત તો સ્ટોલ ધારકોની રોજીરોટી છીનવાઈ ન હોત તેવી ચર્ચાએ સમગ્ર માલપુર રોડ પર ચકચાર મચાવી હતી.

# બનાસકાંઠામાં ઉત્તરાયણ પર્વ હેમખેમ સંપન્ન થાય તે માટે તંત્ર બન્યું સજ્જ

પતંગ રસિકોની મજા અબોલ પક્ષીઓ માટે મોતની સજા ન બને અને બનાસકાંઠા જિલ્લામાં ઉત્તરાયણ પર્વ હેમખેમ સંપન્ન થાય તે માટે સ્થાનિક તંત્ર સક્રિય બન્યું




છે. કરૂણા કાર્યક્રમ અંતર્ગત અબોલ પક્ષીઓને બચાવવા માટે ખાસ ટીમો તૈયાર કરવામાં આવી છે. જિલ્લામાં પતંગ દરમ્યાન ઘવાયેલા પક્ષીઓને યોગ્ય સારવાર મળી રહે તે માટે પશુપાલન, ફોરેસ્ટ અને સ્વૈચ્છીક સેવા સંસ્થાઓ ની ટીમો કાર્યરત કરાઈ છે. જયારે ચાઈનીજ તુક્ક?લના વેચાણ અને ઉપયોગ પર કલેક્ટરે પ્રતિબંધ મૂકી જાહેરનામુ પ્રસિધ કરેલ છે.

બનાસકાંઠા મા અબોલ પક્ષી ઓ ને બચાવવાના અભિયાનને સફળ બનાવવા માટે જિલ્લા તંત્ર પુરી તૈયારી સાથે સજ્જ બન્યું છે. સાથે સાથે જીવ સેવા સંસ્થા અને વહીવટી તંત્ર દ્વારા પાલનપુર ના દિલ્હીગેટ ખાતે અબોલ પક્ષી ઓ ને બચાવવા માટે નિઃશુલ્ક પક્ષી સારવાર કેમ્પ ખુલ્લો મુકાયો છે. જિલ્લા કલેકટર દ્વારા પશુપાલન, ફોરેસ્ટ અને પોલીસ તંત્ર ને એલર્ટ રહેવાની સૂચના અપાઈ છે ત્યારે જિલ્લા પોલીસ વડાની સૂચના તળે જિલ્લા મા પતંગ ની દુકાનો પર એસ.ઓ.જી સહિત સ્થાનિક પોલીસ નું ચેકીંગ હાથ ધરાયુ છે. જિલ્લામાં પાલનપુર અને દિયોદર મા ચાઈના દોરી ને કારણે વીજ અકસ્માત થી ૨ બાળકો ના થયેલ મોત ને ગંભીરતા થી લઈ પોલીસ તંત્ર ચાઈના દોરી અને તુક્કલ વેંચતા વેપારી પર બાજ નજર રાખી રહ્યું છે. પોલીસ દ્વારા ચેકિંગ સાથે દંડનીય કાર્યવાહી પણ કરાઈ રહી છે. ત્યારે દોરી થી ઘાયલ થયેલા પક્ષી ઓ ને ઝડપથી સારવાર મળી રહે અને પક્ષી નો જીવ બચાવી શકાય એ માટે જિલ્લા વહીવટી તંત્ર અને સેવાભાવી સંસ્થા ઓ સજ્જ છે.

# રસુલપુર પાસે બાઈક સ્લીપ ખાતા એકનું ઘટનાસ્થળે કરૂણ મોત

### એકને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જયાં સારવાર દરમ્યાન મોત

પ્રાંતિજ, તા.૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ નેશનલ હાઇવે આઠ ઉપર આવેલ પ્રાંતિજના જુના રસુલપુર પાસે બાઇક સ્લીપ ખાઇ જતાં એક યુવાનનુ ધટનાસ્થળે મોત અને એક યુવાનને ગંભીર ઈજાઓ થતાં ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો.

અમદાવાદ- હિંમતનગર નેશનલ હાઈવે આઠ ઉપર પ્રાંતિજના જુના રસુલપુર પાસે મોડી સાંજે હિંમતનગર તરફથી અમદાવાદ તરફ જતી પલ્સર બાઇક નં-જીજે.૦૯.સીપી.૭૨૫૪ અચાનક રોડ ઉપર સ્લીપ ખાઇ જતા બાઇક ઉપર જઇ રહેલ બે યુવાનોમાંથી એક યુવક તરૂણકુમાર દાદુભાઈ ભગોરા રહે. પાટીયા કુવા, તા.ભીલોડા, ઉ.વર્ષ - ૨૨ કે જે રોડની સાઇડમાં આવેલ ડીવાઈડર સાથે ટકરાતાં યુવકનું ધટનાસ્થળે કરૂણ મોત નિપજયું હતું.

જયારે નીલેશભાઈ રમેશભાઈ ભગોરા પાટીયાકુવા ઉ.વર્ષ -૨૦ ને શરીરે ગંભીર ઈજાઓ થતાં તેને ૧૦૮ મારફતે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યો હતો. જયારે અકસ્માત અંગેની જાણ પ્રાંતિજ પોલીસને મળતાં પ્રાંતિજ પીઆઇ ટી.બી. રાઠોડ તથા તેમની ટીમ તાત્કાલિક ધટનાસ્થળે દોડી આવી હતી અને બાઇક રોડની સાઇડમાં કરી મૃતક યુવકની લાશને પ્રાંતિજ સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પી.એમ. અર્થે મોકલવામાં આવ્યો હતો જયારે વધુ સારવાર મળે તે પહેલાં હિંમતનગર સિવિલ સારવાર લઇ રહેલ નિલેશભાઈનુ પણ મોત નિપજયું હતું જયારે આ અંગેની ફરીયાદ મૃતકના પિતા રમેશભાઈ લાલજીભાઈ ભગોરાએ કરતાં પોલીસે અકસ્માતનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# અરવલ્લીમાં ખનીજ વહન કરતી આઠ ટ્રકો સહિત દસ ઓવરલોડ વાહનો ઝડપાયા

### ધનસુરા અને આસપાસના વિસ્તારોમાં ગેરકાયદે ખનિજ વહન કરનાર વાહનોની ચકાસણી દરમિયાન આ વાહનો ઝડપાયા

મોડાસા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં ખાણ-ખનિજ વિભાગ તેમજ આરટીઓ કચેરીની સંયુક્ત ઝુંબેશ દરમિયાન




જિલ્લાના ધનસુરા અને આસપાસના હાઈવે ઉપર ઓચિંતી વાહન તપાસ હાથ ધરવામાં આવતા ખનિજ વહન કરતા ઓવરલોડ આઠ ટ્રકો સહિત દસ વાહનો ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં બિનરોકટોક ઓવરલોડ ખનિજ હેરાફેરી તેમજ ટેક્ષ ભર્યા વિના રેતી-ખનિજ સહિતનો જથ્થો વહન થતો હોવાની માહિતી આધારે આરટીઓ ઈન્સ્પેક્ટર જે.કે. મોઢ, રાવત અને સથવારાએ ધનસુરા અને આસપાસના વિસ્તારોમાં હાઈવે ઉપર સઘન ચેકીંગ હાથ ધર્યું હતું.

દરમિયાન ખનિજ ભરેલી ઓવરલોડ આઠ ટ્રકો તેમજ રેતી-ખનિજ ભરેલા બે ટ્રેક્ટરો મળી દસ વાહનો આ ચેકીંગ દરમિયાન મળી આવ્યા હતા. ગેરકાયદેસર રીતે રેતી ખનિજ વહન કરતા તેમજ ઓવરલોડ ટ્રકોની હેરાફેરી કરનાર વાહનો મળી દસ વાહનોને ઝડપી લઈ તમામ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને ઝડપાયેલા વાહનોને ધનસુરા પોલીસ મથકે સુપ્રત કરવામાં આવ્યા છે.







## અંબાજીમાં મા અંબાનો પ્રાગટ્ય દિન ઉજવાયો

સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે આજે પોષ સુદ પુર્ણીમાની ઉજવણીમાં અંબાના પ્રાગટ્યોત્વ તરીકે મનાવવામાં આવે છે. જેને લઈ અંબાજી મંદિરમાં યાત્રીકોનો વહેલી સવારથી જ ભારે ઘસારો જોવા મળ્યો હતો ને મંદિર ના ચાચરચોકમાં મંદિર ટ્રસ્ટ દ્વારા વિશેષ મહાશક્તિ યજ્ઞનુ આયોજન પણ કરવામાં આવ્યુ હતુ. જેમાં ૧૦૦ જેટલાં યજમાનોએ ભાગ લીધો હતો. જ્યારે નીજ મંદિરમાં ૫૬ ભોગનો અન્નકુટ ધરાવાયો હતો ને આજે પોષી પુનમને શાંકમભરી પુનમ પણ કહેવાતી હોવાથી વિવિધ શાકનો પણ અન્નકુટ માતાજીને ધરાવવામાં આવ્યો હતો. જો કે આજના પ્રાગટ્યોત્વનો વિશેષ માહત્યમ પુરાણોમાં બ્રાહ્મણો ઉપર થયેલા અત્યાચારને લઈ કરેલા હોમ હવનથી માતાજી પ્રસન્ન થઈ પ્રગટ થયાં હતા. ને બ્રાહ્મણોના કષ્ટ હર્યા હતા. જેને આજે તે દિવસ એટલે કે પોષી પુનમને માતાજીના પ્રાગટ્ય દિવસ તરીકે મનાવવામાં આવે છે. જ્યારે કેટલાંક એન.આર.આઇ પણ ખાસ મા અંબાના દર્શન કરવા અંબાજી પહોંચ્યાં હતા. અને ભક્તોઆજે મંદિર માં ચોકલેટ વહેચતા પણ નજરે પડ્યા હતા.

### રંગીન બનશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હેલ્પલાઇન પણ કાર્યરત કરી દેવાઇ છે. શુક્રવારે મોડીરાત સુધી નગરના પતંગ બજારમાં પણ ભીડભાડ જોવા મળી હતી. એ લપેટ....ની બુમો અને ચિચિયારીઓ વચ્ચે આજે સેકટરોના ધાબા ગાજશે. ધાબા પર ડી જે ના સુર વચ્ચે આંતશબાજી ઉપરાંત ગરબાની રમઝટ પણ જામશે.

ઉતરાયણ પર્વ ખાસ કરીને યુવાનો અને બાળકોમાં આ પર્વની ઉજવણીને અનુલક્ષી વિશેષ ઉત્સુકતા જોવા મળે છે. પતંગ દોરીના આ પર્વમાં મોટાભાગનો દિવસ પતંગરસિયાઓ ધાબે જ પસાર કરતા હોવાથી સેકટરોમાં રહીશોએ ધાબાની સફાઇ કરી સજાવટ કરી દીધી છે. આકાશ રંગબેરંગી પતંગોના પેચા વચ્ચે રંગીન બની જશે. જયારે પતંગ દોરીની મજા વચ્ચે ચટાકેદાર ઉંધિયા અને જલેબીનો સ્વાદ માંણવા ધાબે જ જિયાફ્ત જામશે.ધાબા પર અવનવા જુના અને નવા ગીતોની સાથે ડી જે ના સુર સંભળાશે. ઉતરાયણ પર્વના આગળના દિવસે પણ પતંગ બજારમાં મોડી રાત સુધી ભીડભાડ જોવા મળી હતી. આજે પણ દિવસ દરમિયના પવન ફેવરેબલ રહેતા નગરજનોએ પતંગની મજા માંણી હતી. પતંગોત્સવના આ પર્વમાં પતંગના પેચા લડાવાની સાથે સેવા કાર્યનુ પણ વિશેષ મહત્વ હોવાથી નાગરિકો દાન પુણ્ય મેળવવા માટે સેવાના કામો કરશે. જેમા 'ગાયોને ઘાસચારો ખવડાવાની સાથે ગરીબોને દાન આપવાનુ પણ વિશેષ મહત્વ હોય છે. ઉતરાયણના દિવસે સુર્યપુજા કરવાનુ પણ વિશેષ મહત્વ હોય છે. જેથી નાગરિકો ગાયને ઘાસ ખવડાવાની સાથે ગરીબોને દાન આપવાનુ ચુકતા નથી. ઉતરાયણના આ પર્વમાં અબોલ પક્ષીઓ કાતિલ દોરીના લીધે ગંભીર રીતે ઘવાતા હોવાથી પક્ષી પ્રેમીઓએ પતંગ રસિયાઓને વહેલી સવારે અને સાંજે પતંગ ન ચગાવા અપીલ કરી છે. જયારે ઘાયલ પક્ષીઓને બચાવવા માટે વનતંત્રના સહયોગથી હેલ્પલાઇન શરૂ કરી દેવાઇ છે. જેમાં વિવિધ ચાર ઠેકાણે પક્ષીઓને સારવાર પુરી પાડવામાં આવશે. આ માટે ચાર ડોક્ટરોને પણ સ્ટેન્ડ ટુ રાખવામાં આવશે.

### ધો.૧૦-૧૨ની પરીક્ષા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પરિક્ષાનો સમય સવારે ૧૦થી ૧.૩૦ નો રહેશે. જેમાં તા.૧૫ ના રોજ ગુજરાતી સહિત અન્ય ભાષાઓ, તા.૧૭ના રોજ વિજ્ઞાન અને ટેકનોલોજી, તા.૨૦ના રોજ ગણિત, તા.૨૨ ના રોજ સામાજીક વિજ્ઞાન, તા.૨૩ ના રોજ ગુજરાતી, તા.૨૪ ના રોજ અંગ્રેજી અને તા.૨૫ મી ના રોજ દ્વીતીય ભાષાના વિષયોની પરિક્ષા લેવાશે. પ્રથમ ભાગમાં ઓએમઆર પધ્ધિતથી ૫૦ પ્રશ્નો રહેશે. જયારે બીજા ભાગમાં વર્ણાત્મક પ્રકારના પ્રશ્નો રહેશે. ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરિક્ષા પણ ૧૫ માર્ચથી શરુ થશે. પરિક્ષાનો સમય સવારે ૧૦.૩૦ થી ૧.૪૫ અને બપોરે ૩થી ૬.૧૫ નો રહેશે. આ ઉપરાંત ધો-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહ પરિક્ષા આગામી તા.૨૧ થી ૩૦ માર્ચમાં લેવાશે.વ્યવસાયલક્ષી પ્રવાહની પરિક્ષાનો સમય બપોરે ૩ થી સાંજે ૬.૧૫ કલાકનો રહેશે.

### કોલ્ડ વેવ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેવી આકરી ઠંડી અનુભવાઈ રહી છે. વહેલી સવારે શાળાએ જતાં બાળકોની હાલત તો ખુબ કફોડી બની ગઈ છે. બે ત્રણ સ્વેટર પહેરીને જતા બાળકો ઠંડીમાં થર થર ધ્રુજી રહ્યા છે. ઉત્તરભારતમાં પડી રહેલી હીમવર્ષા અને કાતિલ ઠંડીના પરિણામે ગાંધીનગર ઠંડુગાર બની ગયું છે. વસાહતીઓને આખો દિવસ ઘરના બારી-બારણા બંધ રાખવાની ફરજ પડે છે. ઠંડી ઉડાડવા માટે વસાહતીઓ હીટર અને તાપણાંનો સહારો લઈ રહ્યા છે. ઠંડીના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. સાંજ પડતાં જ બજારો અને માર્ગો પર નહીવત અવરજવર જોવા મળે છે. ના છુટકે વસાહતીઓ ઘરની બહાર નીકળવાનુ પસંદ કરે છે. ઠંડી વધતા સ્વેટર, જેકેટ, હાથમોજા અને ટોપી-મફલર જેવા ગરમ વસ્ત્રોની ખરીદીમાં તેજી આવી છે. આજે મહત્તમ તાપમાન ૨૩.૬ ડિ.સે. નોંધાતા દિવસે પણ ખુબ વધુ ઠંડી અનુભવાઈ હતી. જયારે લઘુત્તમ તાપમાન ૮ ડિ.સે. રહેતા ઠંડી યથાવત રહી છે.

# પ્રાંતિજ સી.એસ. દેસાઈ આઈ. ટી. આઈ. ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૩

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ સી.એસ.દેસાઈ ટેકનિકલ ઈન્સ્ટીટયુટ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

પ્રાંતિજ કેળવણી મંડળ સંચાલિત સી.એસ.દેસાઇ આઇ.ટી.આઇ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલિમમાર્થી વિદ્યાર્થીઓ દ્વારા સ્તુતિ, નાટક, ગરબો, રાસ, આદિવાસી નૃત્ય, લંડનની લાડી અને ગુજરાતી ગગો, શહિદોને શ્રદ્ધાંજલિ જેવાં સાંસ્કૃતિક કાર્યક્રમોમાં ભાગ લઈને વિદ્યાર્થીઓએ બહારથી આવેલ મહેમાનો તથા વાલીઓ તથા પ્રક્ષકોના દિલ જીતી લીધાં હતા. જયારે દર વર્ષ ી જેમ આ વર્ષે પણ સુબામીયાં ડી.કસ્બાતી તાલીમાર્થી મેરીટ પ્રાઈઝ ઈનામ આપવામાં આવ્યાં હતાં જયારે આ વર્ષે નિવૃત્ત થયેલ શિક્ષકોનું પણ આવનાર મહેમાનો દ્વારા શાલ અને સન્માનપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા. આ પ્રસંગે કનુભાઈ આર. પટેલ, હસમુખભાઈ પટેલ, જયેન્દ્રસિંહ રાઠોડ, કેળવણી મંડળના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી, નિત્યાનંદભાઈ, જયંતિભાઈ પટેલ, ભરતભાઈ ફડીયા, આચાર્ય તથા આમંત્રિત મહેમાનો વાલીઓ પ્રક્ષકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.